**બનાસકાંઠાના મહે. સ્પેશ્યલ જજ (લેન્ડ ગ્રેબિંગ –એકટ) અને**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણીસાહેબની કોર્ટમાં,**
**મુકામ : પાલનપુર**

**આંક.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010029272024 | | રજુ તારીખ | ૧૧/૦૭/૨૦૨૪ | | |
| | | નોંધ્યા તારીખ | ૧૧/૦૭/૨૦૨૪ | | |
| | | **ફેંસલ તારીખ** | **૦૧/૦૭/૨૦૨૪** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૧૧ | ૨૦ |

**સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) કેસ નંબર : ૧૦/૨૦૨૪**

**FORM-A**

**નામદાર સુપ્રિમકોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

**એફ.આઈ.આર. ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | હડાદ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૯૫૦૦૫૨૩૦૨૫૪/૨૦૨૩ મુજબ. |
| **ગુન્હો** | ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ,૨૦૨૦ ની કલમ–૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ– ૪૪૭ મુજબ. |
| **તહોમતનામા મુજબ** | ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ,૨૦૨૦ ની કલમ–૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ– ૪૪૭ મુજબ. |
| **ફરિયાદી** | **શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)**<br>**(મુળ ફરિયાદી ભોજાભાઇ હગરાભાઇ ડાભી)**<br>રહે. ચોકીબોર, તા. દાંતા, જિ. બનાસકાંઠા. |
| **વિ. સ્પે. પી.પી.** | **શ્રી ટી.એ. ત્રીવેદી** |
| **આરોપી :–** | મેવાભાઇ હરીભાઇ ડાભી<br>ઉ.વ. ૫૦, ધંધો – ખેતી,<br>રહે. ચોકીબોર, તા. દાંતા, જિ. બનાસકાંઠા. |
| **આરોપી તરફે વકીલ** | **શ્રી એન.જે. શ્રીમાળી** |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

# FORM-B

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ફરિયાદ કર્યાના પાંચેક વર્ષ પહેલા હરકોઈ વખતે |
| **ફરિયાદની તારીખ** | તા. ૩૧/૦૭/૨૦૨૩ ના કલાક ૨૧-૦૦ |
| **ચાર્જશીટની તારીખ** | તા. ૧૧/૦૭/૨૦૨૪ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | તા. ૦૫/૦૯/૨૦૨૪ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | તા. ૧૮/૦૪/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | તા. ૦૧/૦૭/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૦૧/૦૭/૨૦૨૬ |
| **સજાનાં હુકમની તારીખ જો કોઇ હોય તો** | ના |

**<u>અ◌ારોપીની વિગત</u> :-**

| આરોપી નંબર | આરોપીનું નમમ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં અવાલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | ન્રિર્દોષ્ છોડવામાં આવ્યા કે કસુરદાર | શું સજા કરી ? | ક્રિ.પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મેવાભાઇ હરીભાઇ ડાભી | ૦૨/ ૦૮/ ૨૦૨૩ | હા | ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ,૨૦૨૦ ની કલમ-૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ- ૪૪૭ | ના | ના | ના |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

## FORM-C

### ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–

### (એ) ફરિયાદપક્ષ તરફે ::–

:: મૌખિક પુરાવા ::

| સાહેદ નં. | સાહેદનુંનામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ભોજાભાઇ હજરાભાઇ ડાભી | ફરિયાદી | ૧૪ |
| ૨. | અમરતભાઇ મુળાભાઇ પ્રજાપતિ | સર્કલ ઓફીસર | ૨૦ |
| ૩. | અનિલકુમાર નરસાભાઇ સોલંકી | મામલતદાર | ૨૫ |
| ૪. | રીટા નટવરલાલ પંડયા | નિવાસી અધિક કલેકટર | ૨૭ |
| ૫. | વિઠ્ઠલ રાધવભાઇ મકવાણા | ફરિયાદ નોંધનાર પી.એસ.આઇ. | ૩૦ |
| ૬. | રેવાભાઇ ભુદરાભાઇ ડાભી | પી.એસ.ઓ. | ૩૧ |
| ૭. | અક્ષયરાજ મકવાણા | એસ.પી. | ૩૮ |
| ૮. | ડો. જીજ્ઞેશકુમાર જીતેન્દ્રભાઇ ગામીત | ત.ક.અધિકારી | ૪૦ |
| ૯. | શ્રી આનંદ પટેલ | જિલ્લા કલેકટર | ૪૯ |
| ૧૦. | સુશીલ પ્રદીપભાઇ પરમાર | નાયબ કલેકટર | ૫૦ |
| ૧૧. | સ્વપ્નિલ ખરે | જિલ્લા વિકાસ અધિકારી | ૫૫ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો ,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદો જો હોય તો ,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એક્ટ)
બનાસકાંઠા,પાલનપુર.

**<u>ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ</u> :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૫ |
| ૨. | ફરિયાદીની જમીનના ખાતા નં. ૧૦૮ નો ઉતારો | ૧૬ |
| ૩. | ગામ નમુના નં. ૭-૧૨ | ૧૭-૧૮ |
| ૪. | રેવન્યુ રેકર્ડની નોંધ | ૧૯ |
| ૫. | સર્કલ ઓફીસર ધ્વારા તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ કરેલ પંચનામું | ૨૧ |
| ૬. | સર્કલ ઓફીસર ધ્વારા ફરિયાદીનો લેવામાં આવેલ જવાબ | ૨૨ |
| ૭. | સર્કલ ઓફીસર ધ્વારા આરોપીનું લેવામાં આવેલ નિવેદન | ૨૩ |
| ૮. | સર્કલ ઓફીસર ધ્વારા મામલતદાર, દાંતાને મોકલેલ અહેવાલ | ૨૪ |
| ૯. | મામલતદાર દાંતાએ નાયબ કલેકટરશ્રી દાંતાને મોકલેલ અહેવાલ | ૨૬ |
| ૧૦. | ફરિયાદીને ફરિયાદ દાખલ કરવાની જાણ કરતો પત્ર | ૨૮ |
| ૧૧. | સુચીપત્ર | ૩૨ |
| ૧૨. | ના.પો.અધિ. પાલનપુરને ગુનાની તપાસ કરવા પાઠવેલ પત્ર | ૩૩ |
| ૧૩. | વાયરલેસ મેસેજ | ૩૪ |
| ૧૪. | કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગનું પ્રોસીડીગ્સ | ૩૯ |
| ૧૫. | નાયબ પોલીસ અધિક્ષક, પાલનપુર વિભાગ ધ્વારા થયેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૪૧ |
| ૧૬. | ના.પો.અધિ. શ્રીએ આરોપી એરેસ્ટની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતનો લખેલ પત્ર | ૪૨ |
| ૧૭. | આરોપીની અટકાયત મેમો | ૪૩ |
| ૧૮. | આરોપીનું ચહેરા નિશાન પત્રક | ૪૪ |
| ૧૯. | ના.પો.અધિ. ધ્વારા લેવામાં આવેલ ફરિયાદીનું વધુ નિવેદન | ૪૫ |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

| | | |
|---|---|---|
| ૨૦. | ફરિયાદીએ કલેકટરશ્રીને લખેલ પત્રની પ્રમાણિત નકલ | ૪૬ |
| ૨૧. | નિવાસી અધિક કલેકટરશ્રીએ ફરિયાદીને ફરિયાદ દાખલ કરવાની જાણ કરતો પત્ર | ૪૭ |
| ૨૨. | ફરિયાદીએ કલેકટરશ્રીને મોકલેલ અરજી | ૪૮ |
| ૨૩. | નાયબ કલેકટર, દાંતાએ કલેકટરશ્રીને મોકલેલ અહવાલ | ૫૨ |

**બચતાપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| ક્રમ નંબર | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો**

| અનુક્રમ નંબર | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**–:: ઠ રા વ ::–**

**આરોપી વિરૂધ્ધનું તહોમત :–**

**૧.** ફરિયાદી ભોજાભાઇ હગરાભાઇ ડાભી, રહે. ચોકીબોર, તા. દાંતા, જિ. બનાસકાંઠા નાઓએ હડાદ પો.સ્ટે. માં ગુન્હા રજી. નં. ૧૧૧૯૫૦૦૫૨૩૦૨૫૪/૨૦૨૩, ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ– ૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ– ૪૪૭ મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાવેલ છે.

**ફરિયાદ હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી ભોજાભાઇ હગરાભાઇ ડાભી રહે. ચોકીબોર, તા. દાંતા, જિ.

બનાસકાંઠા ની ચોકીબોર, તા. દાંતા ગામની સીમમાં આવેલ ખાતા નં. ૧૦૮ ના રેવન્યુ સર્વે નં. ૧૪૦ જુનો રેવન્યુ સર્વ નં. ૫૨/૧ પૈકી–૧ વાળી ખેતીની જમીન હે.આરે. ૦–૪૧–૨૦ ચો.મી. વાળી ખેતીની જમીન પર આ કામના આરોપીએ પોતાના આર્થીક ફાયદા સારૂ બિન અધિકૃત પ્રવેશ કરી ગેરકાયદેસર રીતે દબાણ કરી બિન અધિકૃત રશીતે છેલ્લા પાંચેક વર્ષથી કબજો કરી વાવેતર કરી આર્થીક લાભ મેળવી ફરિયાદીને આર્થીક નુકસાનમાં ઉતારી ગુનો કરેલ. ફરિયાદીએ આરોપીને તેઓએ કરેલ બિનઅધિકૃત દબાણ દુર કરવા તેમજ લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ ગુન્હો દાખલ કરવા માટે વિ. કલેકટરશ્રી, પાલનપુર નાઓને ઓન લાઇન અરજી કરતાં, તે પછી તે અરજી અંગે કલેકટરશ્રી, પાલનપુરના અધ્યક્ષસ્થાન વાળી સમિતિની બેઠકમાં સવાલવાળી મિલ્કત ઉપર આક્ષેપિતો નો કબજો બિનઅધિકૃત કબજો કરેલ હોય, સદર અરજી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા પાત્ર હોય, અરજદાર ઇચ્છે તો દિન–૭ માં પોલીસ ફરિયાદ કરી શકે છે તેવો લેટર તા. ૦૩/૦૮/૨૦૨૨ થી હુકમ કરેલ હોય, જે હુકમની નકલ ફરિયાદીને મળતાં, ફરિયાદીએ સદર હુકમ આધારે આરોપી વિરૂધ્ધ હડાદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. શ્રી વિઠ્ઠલ રાઘવભાઇ મકવાણા રૂબરૂ ફરિયાદ નોંધાવેલ.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ</u> :–**

**૩.** આ કામના મુળ ફરિયાદીએ ઉપરોકત બાબતેની ફરિયાદ કલેકટર શ્રી, બનાસકાંઠા, પાલનપુર નાઓને ઓન લાઇન આપતાં, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમ (પ્રતિબંધ), ૨૦૨૦ ની જોગવાઇઓ સંદર્ભે કલેકટર કચેરી, બનાસકાંઠા ખાતે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કમિટિ ધ્વારા ફરિયાદીની દરખાસ્ત અરજી અન્વયે ફરિયાદ કરવાનું નકકી થયા બાદ, ફરિયાદીની ઉપરોકત મુજબની

ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરુ પંચનામું કરી, પુરતો પુરાવો હોઇ, આરોપી વિરૂધ્ધ સદર ફરિયાદ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે હડાદ પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૯૫૦૦૫૨૩૦૨૫૪/૨૦૨૩ થી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ – ૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ – ૪૪૭ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસના ત.ક.અધિકારીને સોંપેલ. ત.ક.અધિકારીશ્રીએ ગુનાની તપાસ સંભાળી લઇ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસની કાર્યવાહીના અંતે આ ગુન્હાના કામે કુલ–૦૧ આરોપી સામેના ગુન્હાની તપાસ પુર્ણ કરી તેમના વિરૂધ્ધ અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતાં, તેને સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) કેસ નં. ૧૦/૨૦૨૪ ની નોંધવામાં આવેલ છે.

**<u>કોર્ટ સમક્ષની કાર્યવાહી</u> :–**

૪. ત્યારબાદ બી.એન.એસ.એસ. ની કલમ– ૨૫૧(૧)(બી) હેઠળ આરોપી વિરૂધ્ધ તા. ૦૫/૦૯/૨૦૨૪ ના રોજ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ–૪(૩),૫(સી) તથા ઇ.પી.કોડની કલમ– ૪૪૭ મુજબના સજાને પાત્ર ગુન્હા કર્યાના તહોમત સબબ આંક. ૦૮ થી તહોમતનામું ફરમાવી, સદર કાયદાની કલમ–૨૫૧(૨) હેઠળ તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ છે અને આંક. ૦૯ લગત આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ. આરોપીએ ગુન્હાના આક્ષેપો કબુલ કરેલ ન હોઇ તેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૩ અન્વયે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઇ, ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો અને સાહેદો રજુ કરવા જણાવતાં, ફરિયાદપક્ષે લેખિત અને મૌખિક પુરાવો રજુ કરેલ છે.

૫. ત્યારબાદ ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપર

ફોર્મ–સી મુજબ નોંધવામાં આવેલ છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન</u> :–**

૬. સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ. સ્પે.પી.પી. શ્રી ધ્વારા આંક. ૫૭ થી પુરાવા બંધ પુરસીશ રજુ થતાં, પુરાવો બંધ કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેમની સામે નીકળી આવતાં સંજોગોનો ઈન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, ફરિયાદીની ખોટી ફરિયાદના આધારે ખોટી તપાસ કરી ખોટી રીતે તેમની સામે ચાર્જશીટ કરેલ છે. તેઓએ કોઇ ગુનો કરેલ નથી, તેઓ નિર્દોષ છે તેમ જણાવેલ છે. જોકે, તેઓએ તેમના સદર કથનના સમર્થમાં સોગંદ ઉપર જુબાની આપવાનું કે બચાવના સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

**<u>પક્ષકારો તરફેની દલીલ</u>ો :–**

૭. ફરિયાદપક્ષે વિ. સ્પેશ્યલ પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદક્ષે આંક. ૦૮ થી આરોપી વિરૂધ્ધ તહોમતામું ફરમાવેલ છે, અને ફરિયાદી આંક. ૧૫ થી આરોપી વિરૂધ્ધ ફરિયાદ રજૂ કરેલ છે, જે ફરિયાદ મુજબ આરોપીએ ફરિયાદીની જમીન પચાવી પાડવાના ઈરાદે તેમાં ગેરકાયદેસર બથામણીયો કબજો કરેલ હતો, જેના કારણે ફરિયાદીએ ફરિયાદ આઅપેલ હતી, અને તે ફરિયાદીની અરજી અન્વયે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલ કમિટિની બેઠકમાં હાલના આરોપી વિરૂધ્ધ ફરિયાદ કરવાનું નકકી થયા બાદ, ફરિયાદીની ફરિયાદના આધારે સંબંધીત પી.એસ.ઓ. એ હાલની ફરિયાદ દાખલ કરી આગળની તપાસ, ત.ક.અધિકારીને સોંપતાં, તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. જે હકીકતને આ કામે સાહેદોએ સમર્થન કરેલ છે. ફરિયાદી તેમજ સાહેદો તથા

ત.ક.અધિકારીએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે. ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે આ કામના આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરેલ હોઇ, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં ઠરાવેલ શિક્ષા કરવા રજુઅ◌ાત કરેલ છે.

૮. બચાવપક્ષે વિદ્યવાન વકીલ શ્રી એન.જે. શ્રીમાળીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ખુદ ફરિયાદીએ જ તેમની જુબાનીમાં આરોપી તેમજ તેઓ એકજ સમાજના છે અને તેમનું તથા આરોપીનું ખેતર આજુબાજુમાં અડીને આવેલ છે. તેમને શેઢા બાબતે તકરાર જે તે સમયે ઉપસ્થિત થયેલ હતી જેથી તેઓએ આવેશમાં આવીને લેન્ડ ગ્રેબીગના કાયદા નીચે અરજી કરેલ હતી, પાછળથી તેમને આપસમાં સમાધાનના ભાગરૂપે તેમના શેઢાઓની તકરારનો અંત આવેલ છે. હવે કોઇ તકરાર તેઓ ફરિયાદી અને આરોપી વચ્ચે રહેતી નથી. સર્કલ ઓફીસરને તેમને સાચી સમજ આપ્યા સિવાય તેમની માત્ર સહી લીધેલી છે. તેઓએ સર્કલ ઓફીસરને જવાબ લખાવેલ નથી. તકરારી જમીનનો તેમને કબજો પણ મળી ગયેલ છે અને હવે કોઈ કબજા બાબતે તકરાર રહેતી નથી તેમ જણાવે છે. આમ, ફરિયાદીની જમીન ઉપર આરોપીએ કયારેય કોઇ દબાણ કરેલ નથી કે ફરિયાદીની જગ્યા પચાવી પાડેલ નથી. ફરિયાદીને તેમનીજગ્યા પરત મળી ગયેલ છે અને જમીન બાબતે કોઇ તકરાર નથી. ગેરસમજના કારણે ફરિયાદ કરેલી છે. સાહેદો પણ ફરિયાદ હકીકતને સમર્થન આપતા નથી. આમ, આરોપી સામે ખોટી ફરિયાદ ગેરસમજના કારણે થયેલ છે જેથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**<u>કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદા અને તેનો જવાબ</u> :-**

૯. **આ**થી નિર્ણય અને નિકાલ માટે હવે આ નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ મોજે ચોકીબાર તા. દાંતા ની સીમમાં આવેલ ફરિયાદીના ખાતા નં. ૧૦૮ ના રે.સ.નં. ૧૪૦ જુનો રે.સ.નં. ૫૨/૧ પૈકી ખેતીની જમીન હે.આર. ૦-૪૧-૨૦ ચો.મી. વાળી ખેતીની જમીન પર પોતાનો આર્થીક ફાયદા સારૂ બિન અધિકૃત પ્રવેશ કરી ગેરકાયદેસર રીતે દબાણ કરી બીન અધિકૃત રીતે છેલ્લા પાંચેક વર્ષથી કબજો કરી વાવેતર કરી આર્થીક લાભ મેળવી ફરિયાદીને આર્થીક નુકસાનમાં ઉતારી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ,૨૦૨૦ ની કલમ-૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ- ૪૪૭ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-:: <u>કા ર ણો</u> ::-**

**<u>મુદા નં. ૧</u> :-**

**૧૧.** આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે કુલ-૧૧ સાહેદો તપાસેલા છે જેમનો પુરાવો વંચાણે લીધેલ છે, જે નીચે મુજબ છે.

**૧૨.** ફરિયાદપક્ષે ફરિયાદી ભોજાભાઇ હજરાભાઇ ડાભીને આંક. ૧૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમણ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ દાંતા તાલુકાના ચોકીપુર ગામે રહી ખેતીનો ધંધો કરે છે

અને તેમના ખાતાની જમીન ખાતા નં. ૧૦૮ ના રેવન્યુ સર્વે નં. ૧૪૦ (જુનો સર્વે નં. ૧૫૨/૧/પી/૧) આવેલ છે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૪૧–૨૦ ચો.મી. છે. સદરહું જમીન બાબતે આ કામના આરોપી અને તેમની વચ્ચે કબજા બાબતે વિવાદ ઉપસ્થિત થતાં અને શેઢા બાબતે તકરાર ઉપસ્થિત થતાં સદરહું તકરારનો અંત લાવવા માટે તેઓએ કલેકટરશ્રી, બનાસકાંડાને ઓનલાઇન અરજી કરેલી, જે અરજી સંદર્ભે સર્કલ ઓફીસરે તેમનો જવાબ લીધેલો અને ત્યારબાદ કમીટીની મીટીંગ મળેલી અને મીટીંગના આધારે અધિક કલેકટર, બનાસકાંઠાએ તેમને ફરિયાદ દાખલ કરવાનું કહેતાં તેઓએ હડાદ પો.સ્ટે. માં કલેકટરશ્રીના પત્ર સાથે ફરિયાદ દાખલ કરેલી, જે ફરિયાદ આંક. ૧૫ થી રજુ થયેલ છે. તેમની જુબાનીમાં આંક. ૧૬ થી તેમના ખાતા નં. ૧૦૮ નો ઉતારો, આંક. ૧૭ અને ૧૮ થી ગામ નમુના નં. ૭ અને ૧૨ ની નકલ તેમજ આંક. ૧૯ થી રેવન્યુ રેકર્ડની નોંધો રજુ થયેલ છે.

**(એ)** ફરિયાદીની આરોપીપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી અને તેઓ એકજ સમાજના છે અને તેમનું તથા આરોપીનું ખેતર આજુબાજુમાં અડીને આવેલ છે, તેમને શેઢા બાબતે તકરાર જે તે સમયે ઉપસ્થિત થયેલી હતી જેથી તેઓએ આવેશમાં આવીને લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે અરજી કરેલી હતી, પાછળથી તેમને આપસમાં અંદરખાને સમાધાનના ભાગરૂપે તેમના શેઢાઓની તકરારનો અંત આવેલ છે. હવે કોઇ તકરાર તેઓ ફરિયાદી અને આરોપીવચ્ચે રહેતી નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સર્કલ ઓફીસરે તેમને સાચી સમજ આપ્યા સિવાય તેમની માત્ર સહી લીધેલી તેમજ તેઓએ સર્કલ ઓફીસરને કોઇ જવાબ લખાવેલ નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તકરારી જમીનનો તેમને કબજો મળી ગયેલ

છે અને હવે કોઇ કબજા બાબતે તકરાર રહેતી નથી.

(બી) આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં આરોપીનું અને ફરિયાદીનું ખેતર આજુબાજુમાં અડીને આવેલ છે અને તેમને શેઢા બાબતે તકરાર થયેલ અને આવેશમાં આવીને હાલની ફરિયાદ કરેલ હોવાનું જણાવે છે. તેઓએ શેઢા બાબતે તકરાર થયેલી તેમાં સમાધાન થઇ ગયેલ છે અને આરોપી સાથે તેમને કોઇ તકરાર રહેતી નથી. સર્કલ ઓફીસરે તેમને સાચી સમજ આપ્યા સિવાય માત્ર સહી લીધેલી તેઓએ સર્કલ ઓફીસરને કોઇ જવાબ લખાવેલ નથી. તકરારી જમીનનો ફરિયાદીને કબજો મળી ગયેલ છે અને હવે કોઇ કબજા બાબતે તકરાર રહેતી નથી.

૧૩. ફરિયાદપક્ષે સાહેદ અમરતભાઇ મુળાભાઇ પ્રજાપતિ કે જેઓ બનાવના અરસામાં સર્કલ ઓફીસર તરીકે દાંતા મુકામે ફરજ બજાવતા હતા, તેઓને આંક. ૨૦ થી તપાસેલ છે. તેઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોજાભાઇ અગરાભાઇ ડાભીએ લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે અરજી દાખલ કરેલી જેની પ્રાથમિક તપાસ મામલતદારશ્રી, દાંતા મારફતે તેઓને મોકલી આપેલી. તેઓએ સદરહું જગ્યામાં ત્રાહીત પંચો બોલાવી ચાંપા, તા.દાંતાના સર્વે નં. ૧૪૦ જમીનનું પંચનામું તા. ૧૯/૦૪/૨૦૨૨ ના રોજ પંચોના લખાવ્યા મુજબ લખેલ, જે પંચનામું આંક. ૨૧ થી આ કામે રજુ થયેલ છે. ત્યારબાદ હાલના અરજદાર નું તેમના ધ્વારા લખાવેલ નિવેદન લીધેલ, જે આંક. ૨૨ થી રજુ થયેલ છે. ત્યારબાદ આરોપીના લખાવ્યા મુજબનું નિવેદન લીધેલ જે આંક. ૨૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર અને સામાવાળાનો જવાબ, સ્થળનું પંચનામું અને રેવન્યુ રેકર્ડનો અભ્યાસ કરી વિગતવાર અહેવાલ તેમના ધ્વારા મામલતદારશ્રી, દાંતાને તા. ૩૧/૦૫/૨૦૨૨ ના રોજ મોકલી આપેલ. આ સિવાય બીજી કોઇ કાર્યવાહી તેમના ધ્વારા

કરવામાં આવેલ નથી.

**(એ)** આ સાહેદની આરોપીપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમના ધ્વારા તકરારી જગ્યાના આજુબાજુના શેઢા પાડોશીઓના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી.

**(બી)** આ સાહેદનો પુરાવો જોતાં તેઓએ મામલતદારશ્રી, દાંતા મારફતે પ્રાથમિક તપાસ સારૂ અરજી મોકલી આપતાં, તેઓએ પ્રાથમિક તપાસ કરી અહેવાલ મોકલી આપેલ છે. પરંતુ આ કામે અરજદાર/ફરિયાદીનો પુરાવો જોતાં તેઓએ આ સાહેદ કે જેઓ સર્કલ ઓફીસ, દાંતા તરીકે હતા તેમની રૂબરુ કોઇ જવાબ લખાવેલ નથી તેમજ તેમને કોઇ સાચી હકીકત ની સમજ કરવામાં આવેલ ન હતી તેવું જણાવેલ છે. વધુમાં આ કામે કોઇ પંચ સાહેદોને તપાસવામાં આવેલ નથી ત્યારે પંચ સાહેદોના પુરાવાથી પંચનામાની હકીકત પણ પુરવાર થતી નથી. તકારી જગ્યાની આજુબાજુના કોઇ શેઢા પાડોશીઓના જવાબ પણ તેઓએ લીધેલ નથી. ત્યારે આ સાહેદે જે પ્રાથમિક તપાસનો અહેવાલ આંક. ૨૪ નો મામલતદાર, દાંતાને મોકલી આપેલ છે તે અહેવાલ શંકાસ્પદ જણાય આવે છે, કારણ કે આ સાહેદના પુરાવાને ખુદ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતું નથી.

**૧૪.** ત્યારબાદ સાહેદ અનિલકુમાર નરસાભાઇ સોલંકી કે જેઓ બનાવ સમયે મામલતદાર, દાંતા તરીકે ફરજ બજાવતા હતા, તેઓ તેમની આંક. ૨૫ ની જુબાનીમાં જણાવે છે કે, તેમના કાર્યકાળ દરમ્યમાન ભોજાભાઇ અગરાભાઇ ડાભીએ લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે અરજી દાખલ કરેલી, જેની પ્રાથમિક તપાસ તેમના ધ્વારા સર્કલ ઓફીસરને આપવામાં આવેલી, સર્કલ ઓફીસરે સ્થળ ઉપર પંચનામું કરેલ અને

અરજદાર અને સામાવાળાનો જવાબ લઈ વિગતવાર અહેવાલ તેમની કચેરીને મોકલી આપેલ, જેથી તેઓએ અરજી તથા તેની સાથે રજુ થયેલ સાધનીક કાગળો અને રેવન્યુ રેકર્ડના ઉતારાનો અભ્યાસ કરી તા. ૩/૦૬/૨૦૨૨ ના રોજ નાયબ કલેકટર, દાંતાને વિગતવારનો અહેવાલ આપેલ, જે આંક. ૨૬ થી આ કામે અહેવાલ રજુ થયેલ છે. આ સિવાય બીજી કોઇ કાર્યવાહી તેમના ધ્વારા કરવામાં આવેલ નથી.

**(એ)** આ સાહેદની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ અહેવાલ મોકલતાં પહેલાં સ્થળ ઉપર જઇને કોઇ જાતે ખાત્રી કરેલ નથી. વધુમાં તેઓના ધ્વારા તકરારી જગ્યાના આજુબાજુના શેઢા પાડોશીઓના કોઇ નિવેદન લેવામાં આવેલ નથી.

**(બી)** આમ આ સાહેદનો પુરાવો જોતાં તેઓએ સર્કલ ઓફીસરના અહેવાલ આધારે અહેવાલ નાયબ કલેકટરશ્રી, દાંતાને મોકલી આપેલ છે. તેઓએ કોઇ સ્થળ ઉપર જઇને તપાસ કરેલ નથી કે બનાવ સ્થળની આજુબાજુના શેઢા પાડોશીઓના પણ કોઇ જવાબ લીધેલ નથી. ત્યારે ફરિયાદી બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય ત્યારે આ સાહેદના પુરાવાને પણ ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતું નથી.

**૧૫.** ત્યારબાદ રીટા નટવરલાલ પંડ્યા કે જેઓ બનાવના અરસામાં પાલનપુર મુકામે નિવાસી અધિક કલેકટર, બનાસકાંઠા તરીકે ફરજ બજાવતા હતા, તેઓને આંક. ૨૭ થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨૯/૦૭/૨૦૨૨ ના રોજ બનાસકાંઠા જિલ્લાની લેન્ડ ગ્રેબીંગની કમિટીની મિટીંગ કરવામાં આવેલી, તે વખતે સભ્ય સચિવ તરીકે એ.ટી. પટેલ હતા. સદરહું મિટીંગનું પ્રોસીડીંગસ કરવામાં આવેલું. ત્યારબાદ એ.ટી.

પટેલનાઓની ટ્રાન્સફર થતાં તા. ૧૮/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ નિવાસી અધિક કલેકટર, બનાસકાંઠા તરીકે હાજર થયેલા. અગાઉની મીટીંગમાં નિર્ણય લેવાયેલ હોઇ અને મિટીંગ લગતું પ્રોસીડીંગ્સ કરવામાં આવેલ હોઇ તેઓએ ફરજના ભાગ રૂપે ફરિયાદીને ફરિયાદ દાખલ કરતો પત્ર પાઠવેલો. જે પત્ર આ કામે આંક. ૨૮ થી રજુ થયેલ છે. આ સિવાય બીજી કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી.

**(એ)** ત્યારબાદ તેમની આરોપી પક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ પત્ર પાઠવવા સિવાય અન્ય કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી. આ મિટીંગ તેમની હાજરીમાં થયેલ ન હતી.

**(બી)** આમ આ સાહેદની હાજરીમાં લેન્ડ ગ્રેબીગ કમિટીની મીટીંગ થયેલ નથી પરંતુ તેઓએ માત્ર પ્રોસીડીગ્સ આધારે ફરિયાદીને ફરિયાદ દાખલ કરતો પત્ર પાઠવેલ છે.

**૧૬.** સાહેદ વિઠ્ઠલ રાઘવભાઇ મકવાણા કે જેઓ બનાવના અરસામાં પો.સ.ઇ. તરીકે હડાદ પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદીએ તેમની સમક્ષ હાજર થઇ કલેકટર, બનાસકાંઠા ઘ્વારા ફરિયાદ દાખલ કરવાનો પત્ર બતાવતાં, તેમના લખાવ્યા મુજબની ફરિયાદ તેમના ઘ્વારા લખવામાં આવેલ. ત્યાબાદ સદર ફરિયાદ ગુનો દાખલ કરવા સારૂ પી.એસ.ઓ.ને મોકલી આપેલ છે.

**(એ)** ત્યારબાદ તેમની આરોપી તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓએ સ્વીકારેલ છે કે, કલેકટરનો હુકમ તા. ૩/૦૯/૨૨ નો હતો અને પ્રથમ હુકમ મુજબ દિન-૭ માં ફરિયાદીએ ફરિયાદ દાખલ કરવાનો હુકમ થયેલ છે. ફરિયાદીએ તા. ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ

હાલની આ ફરિયાદ દાખલ કરાવેલી. ત્યારબાદ તેઓ જણાવે છે કે, ફરિયાદીએ બનાસકાંઠા કલેકટરના વધુ હુકમ આધારે તા. ૨૬/૦૭/૨૦૨૩ ના હુકમ આધારે ફરિયાદ કરવા આવેલ.

**(બી)** આમ, આ સાહેદે ફરિયાદીની ફરિયાદ નોંધી લઇ ગુનો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ. ને મોકલી આપેલ છે. તે સિવાય બીજી કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી.

**૧૭.** સાહેદ રેવાભાઇ ભુદરભાઇ ડાભી કે જેઓ હડાદ પો.સ્ટે. માં પી.એસ.ઓ. તરીકે બનાવના અરસામાં ફરજ બજાવતા હતા, તેઓને આંક. ૩૧ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદીની પો.સ.ઇ. સમક્ષની ફરિયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ તેમની તરફ આવતાં, તેઓએ ફરિયાદ આધારે ગુનો રજીસ્ટર કરેલ છે અને આગળની તપાસ ના.પો.અધિ. પાલનપુરે સોંપેલ છે.

**(એ)** ત્યારબાદ તેમની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, ગુનો દાખલ કરવા સિવાય અન્ય કોઇ કાર્યવાહી તેઓએ કરેલ નથી કે તે અંગે તેમને કોઇ જાત માહિતી નથી.

**(બી)** આમ, આ સાહેદે ફરિયાદ આધારે ગુનો રજીસ્ટર કરેલ છે તે સિવાય બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી.

**૧૮.** સાહેદ અક્ષયરાજ મકવાણા કે જેઓ બનાવના અરસામાં બનાસકાંઠા જિલ્લામાં એસ.પી. તરીકે ફરજ બજાવતા હતા, તેમને આંક. ૩૮ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના અરસામાં લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે કમિટીની રચના કરવામાં આવેલ, જેમાં કલેકટર, બનાસકાંઠા સદરહું કમિટીના

ચેરમેન હતા. કમિટીના સભ્ય તરીકે જિલ્લા પોલીસ વડા તરીકે હોદ્દાની રુએ તેમની નિમણૂંક થયેલી. તેમની સાથે જિલ્લા વિકાસ અધિકારીની પણ હોદ્દાની રુએ નિમણૂંક થયેલ અને અધિક કલેકટ, બનાસકાંઠા સદરહું કમિટીના સભ્ય સચિવ હતા. તા. ૨૯/૦૭/૨૨ ના બપોરે ૧૫–૩૦ વાગે કલેકટર કચેરી, પાલનપુર મુકામે મીટીંગ થયેલી, જેમાં તેઓ પણ હાજર હતા. સદરહુ કમિટીની મીટીંગમાં અનુ. નં. ૧૩ થી ભોજાભાઇ અગરાભાઇ ડાભીએ લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે ઓન લાઇન અરજી કરતાં, તેનો તપાસણીનો અહેવાલ તથા રેવન્યુ રેકર્ડ તેમજ સાધાનીક કાગળો કમિટી સમક્ષ મુકવામાં આવેલ અને ચર્ચા વિચારણાને અંતે સદરહું અરજી કમિટીમાં મંજુર કરવા પાત્ર હોવાથી લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સામાવાળા નં. ૧ મેવાભાઇ હરીભાઇ ડાભી સામે ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો, તેમજ બાકીના સામાવાળા નં. ૨ લક્ષ્મણભાઇ હરીભાઇ ડાભીની સામેની અરજી સ્થળે કબજો ન હોઇ કાર્યવાહી કરવા પાત્ર નથી તેવો નિર્ણય લેવામાં આવેલો. આ નિર્ણય કમિટીએ સર્વાનુમતે લીધેલ અને કમિટીના પ્રોસોડીગ્સમાં તેમનીસહી છે જે આંક. ૩૯ થી રજુ થયેલ છે.

**(એ)** ત્યારબાદ તેમની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, કમિટીએ સ્થળ નિરીક્ષણ કરવાનું રહેતું નથી. તેઓ જણાવે છે કે આ કાર્યવાહી કમિટીના સભ્યોએ કરવાની રહેતી નથી. તેઓએ સ્વીકારેલ છે કે, તેમને તપાસ કરનાર અધિકારીના અહેવાલ આધારે અને રેવન્યુ રેકર્ડ આધારે નિર્ણય લેવાનો રહે છે. તેઓએ કબજા અંગે સ્થળ ઉપર કોઇ જાતે ખાતરી કરેલ નથી.

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

(બી) આમ, આ સાહેદનો પુરાવો જોતાં લેન્ડ ગ્રેબીંગ કમિટીના સભ્ય તરીકે તેઓ હાજર રહેલા અને સાધનીક કાગળોનો અભ્યાસ કરી આરોપી સામે ફરિયાદ દાખલ કરવા નિર્ણય કમિટીમાં લેવાયેલ છે.

૧૯. ત.ક.અધિકારી ડો. જીજ્ઞેશકુમાર જીતેન્દ્રભાઇ ગામીત ને આંક. ૪૦ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓએ ગુનાની તપાસ સંભાળી લઇ તેઓએ કલેકટર કચેરીમાંથી જરૂરી કાગળો મેળવેલ, બે પંચો બોલાવી ગુનાની સમજ આપી તેમના લખાવ્યા મુજબનું પંચનામુ તેમના ધ્વારા કરવામાં આવેલ. ગુનાનેલગતા સાહેદોના નિવેદન લેવામાં આવેલ. આરોપીની ધરપકડ કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

(એ) ત્યારબાદ તેમની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે તા. ૩/૦૯/૨૦૨૨ ના રોજ કલેકટરશ્રી નો ફરિયાદ દાખલ કરવાનો હુકમ થયેલ છે. ઉપરોકત હુકમ અનુસંધાને દિન–૭ ની અંદર ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, હાલની આ ફરિયાદ કલેકટરશ્રીના હુકમ અનુસંધાને ૧૧ માસ લેઇટ ફરિયાદ દાખલ કરાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે, ફરિયાદીના આજુબાજુ બીજા ખેતરો આવેલા છે.

(બી) આમ, આ સાહેદે તેમની તપાસને અનુરૂપ પુરાવો આપેલો છે. પરંતુ તેઓના પુરાવાને પંચ સાહેદોને આ કામે તપાસેલ ન હોય પંચોના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ ખુદ ફરિયાદી ના પુરાવાથી પણ આ સાહેદના પુરાવાને સમર્થન મળતું નથી.

૨૦. સાહેદ આનંદ પટેલ કે જેઓ બનાવના અરસામાં બનાસકાંઠા

જિલ્લાના કલેકટર તરીકે ફરજ બજાવતા હતા, તેમને આંક. ૪૯ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, રાજય સરકાર તરફથી ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમ, ૨૦૨૦ તથા ગુજરાત જમીન પચાવી પાડવાના નિયમો નીચે નિયમો ઘડવામાં આવેલ, જેમાં લેન્ડ ગ્રેબીંગની કમિટીની રચના કરવામાં આવેલ, જેમાં કલેકટર, બનાસકાંઠાને હોદ્દાની રુએ તેઓ કમિટીના ચેરમેન હતા અને પો.અધિ. બનાસકાંઠા, જિલ્લા વિકાસ અધિકારી તેમની કમિટીના સભ્ય હતા અને નિવાસી અધિ. કલેકટર, બનાસકાંઠા પાલનપુર જેઓ સભ્ય સચિવ તરીકે કામ કરતા હતા. તા. ૨૯/૦૭/૨૨ ના રોજ કલાક ૧૭-૩૦ વાગે પાલનપુર મુામે તેમના અધ્યક્ષ સ્થાને કમિટીની બેઠક મળેલ અને કમિટી કોરમ થતાં ઓજાભાઇ હદરાભાઇ ડાભી રહે. ચોકબાર, તા. દાંતા એ મેવાભાઇ હરીભાઇ ડાબી સામે અને બીજાઓ સામે લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે અરજી કરતાં, સદરહું અરજી સંદર્ભે ત.ક.અધિકારીએ વિગતવાર અહેવાલ સાથે સાધનીક કાગળો સાથે સદરહુ અરજી કમિટીમાં મુકવામાં આવેલ અને સદરહું અરજી તથા તેની સાથે રજુ થયેલ અહેવાલ વિ. નો ઉંડાણપુર્વકનો અભ્યાસ કરતાં સદરહું અરજી મંજુર કરવા પાત્ર હોવાથી લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે કાયદેસરની કાર્યવાહી કરવાસારૂ સામાવાળા નં. ૧ સામે ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવેલો અને બાકીના સામાવાળા નં. ૨ ની સામેની અરજી સ્થળે કબજો ન હોઈ કાર્યવાહી કરવાપાત્ર નથી તેવો નિર્ણય કમિટી ધ્વારા લેવામાં આવેલ.

**(એ)** આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના તાબાના અધિકારીઓના અહેવાલ આધારે અને કમિટીના અચ સભ્યો સાથે વિચાર વિમર્શ કરીને રીપોર્ટ તૈયાર કરેલો. તેઓએ સ્વીકારેલ છે કે,

તેઓએ જગ્યા ઉપર જઈને કોઈ નિરીક્ષણ કરેલ નથી. તેઓ જણાવે છે કે, નીરીક્ષણ મારા તાબાના અધિકારીઓએ કરવાનું હોય છે. તેઓએ સ્વીકારેલ છે કે કમિટી સમક્ષ પક્ષકારોને સાંભળેલ નથી પરંતુ તેઓના તાબાના અધિકારીઓએ તેમના નિવેદન લીધેલા.

(બી) આમ, આ સાહેદનો પુરાવો જોતાં પણ તેઓએ તેમના તાબાના અધિકારીઓના નિવેદનો લીધેલ અને આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. પરંતુ જયારે ખુદ ફરિયાદી આવો કોઈ બનાવ બનેલ જ ન હોવાનો પુરાવો આપે છે ત્યારે આ સાહેદના પુરાવાથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

**૨૧.** સાહેદ સુશીલ પ્રદીપભાઈ પરમાર કે જેઓ બનાવના અરસામાં નાયબ કલેકટર, દાંતા તરીકે ફરજ બજાવતા હતા, તેઓને આંક. ૫૦ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના અરસામાં તેઓ નાયબ કલેકટર, દાંતા તરીકે ચાર્જમાં કામગીરી કરતા હતા. આ સમયગાળા દરમ્યાન ઓજાભાઈ હદારાભાઈડાભીએ લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે કલેકટરશ્રી, બનાસકાંઠા ને ઓન લાઈન અરજી કરેલ જેની તપાસ નાયબ કલેકટર, દાંતા મારફતે મામલતદાર, દાંતાને મોકલી આપેલ. મામલતદારશ્રી, દાંતાએ સદરહું અરજીની પ્રાથમિક તપાસ કરવા માટે સર્કલ ઓફીસર અંબાજીને મોકલેલ. સર્કલ ઓફીસરએ સ્થળ ઉપર પંચનામું કરેલ. અરજદાર અને સામાવાળાના નિવેદન લઈ વિગતવારનો અહેવાલ મામલતદારશ્રી, દાંતાને મોકલી આપેલ. મામલતદારશ્રી, દાંતાએ નાયબ કલેકટરશ્રીને પોતાનો અહેવાલ મોકલી આપતાં, સર્કલશ્રીના કાગળો મામલતદારશ્રીનો અહેવાલ અને રેવન્યુ રેકર્ડનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરી અરજી સંદર્ભે

વિગતવારનો અહેવાલ કલેકટરશ્રી, બનાસકાંઠાને તા. ૧૫/૦૬/૨૦૨૨ ના રોજ મોકલવામાં આવેલ. જે અહેવાલ આ કામે આંક. ૫૧ થી રજુ થયેલ છે.

**(એ)** આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જગ્યા ઉપર જઇ આજુબાજુના કોઇ નિવેદન લીધેલા નથી. તેઓએ સ્થળ ઉપર નિરિક્ષણ કરેલ નથી.

**(બી)** આમ, આ સાહેદનો પુરાવો જોતાં, તેઓએ જાતે કોઇ તપાસ કરેલ નથી અને ફરિયાદીએ કલેકટરશ્રી, બનાસકાંઠાને ઓન લાઇન અરજી કરેલ જે અરજી પ્રાથમિક તપાસ માટે નાયબ કલેકટર, દાંતા મારફતે મામલતદાર, દાંતાને મોકલી આપેલ અને મામલતદારશ્રીએ પ્રાથમિક તપાસ કરવા માટે સર્કલ ઓફીસર અંબાજીને મોકલેલ અને સર્કલ ઓફીસરશ્રીએ સ્થળ ઉપર પંચનામું કરી, અરજદાર અને સામાવાળાના નિવેદનો લઇ વિગતવારનો અહેવાલ તૈયા કરી મોકલતાં તેઓએ સર્કલ શ્રીના કાગળો મામલતદારશ્રીનો અહેવાલ અને રેવન્યુ રેકર્ડનો અભ્યાસ કરી અરજી સંદર્ભે અહેવાલ કલેકટરશ્રીને મોકલી આપેલ છે.

**૨૨.** સાહેદ સ્વપ્નિલ ખરે કે જેઓ બનાવના અરસામાં જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા તરીકે પાલનપુર ખાતે ફરજ બજાવતા હતા, તેમને આંક. ૫૫ થી તપાસેલ છે. તેમણે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના અરસામાં લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે લેન્ડ ગ્રેબીંગ કમિટીની રચના કરવામાં આવેલ, જેમાં કલેટકર, બનાસકાંઠા સદરહું કમિટીના ચેરમેન હતા. કમિટીના સભ્ય તરીકે જિલ્લા વિકાસ અધિકારી તરીકે તેમની નિમણૂંક થયેલી અને તેમની સાથે પોલીસ અધિક્ષકશ્રીની પણ હોદાની રુએ નિમણૂંક થયેલ અને અધિક કલેકટર, બનાસકાંઠા સદરહું કમિટીના સભ્ય સચિવ હતા.

તા. ૨૯/૦૭/૨૦૨૨ ના બપોરે ૧૫−૩૦ વાગે કલેકટર કચેરી, પાલનપુર મુકામે મિટીંગ થયેલી, જેમાં તેઓ પણ હાજર હતા. સદરહું કમિટીની મીટીંગમાં અનુ. નં. ૧૩ થી ભોજાભાઇ અગરાભાઇ ડાભી એ લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે ઓન લાઇન અરજી કરતાં, તેનો તપાસણીનો અહેવાલ તથા રેવન્યુ રેકર્ડ તેમજ સાધનીક કાગળો કમિટી સમક્ષ મુકવામાં આવેલ અને ચર્ચા વિચારણાને અંતે સદરહું અરજી કમિટીમાં મંજુર કરવા પાત્ર હોવાથી લેન્ડ ગ્રેબીંગના કાયદા નીચે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સામાવાળા નં. ૧ મેવાભાઇ હરીભાઇ ડાભી સામે ફરિયાદ દાખલ કરવાનો જે નિર્ણય લેવામાં આવેલો તેમજ બાકીના સામાવાળા નં. ૨ લક્ષ્મણભાઇ હરીભાઇ ડાભીની સામેની અરજી સ્થળે કબજો ન હોઇ કાર્યવાહી કરવા પાત્ર નથી તેવો નિર્ણય લેવામાં આવેલ. આ નિર્ણય કમિટીએ સર્વાનુમતે લીધેલ છે.

**(એ)** આ સાહેદની આરોપી તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કમિટીએ સ્થળ નિરીક્ષણ કરવાનું રહેતું નથી. તેઓએ સ્વીકારેલ છે કે તેમને તપાસ કરનાર અધિકારીના અહેવાલ આધારે અને રેવન્યુ રેકર્ડ આધારે નિર્ણય લેવાનો રહે છે. તેઓએ કબજા અંગે સ્થળ ઉપર કોઇ જાતે ખાતરી કરેલ નથી.

**(બી)** આમ, આ સાહેદનો પુરાવો જોતાં તેઓએ તપાસ અહેવાલ અને રેવન્યુ રેકર્ડ આધારે કમિટીએ સર્વાનુમતે નિર્ણય લીધેલ છે તે સિવાય તેઓએ જાતે કોઇ સ્થળ ઉપર તપાસ કરેલ નથી.

**૨૩.** આમ, ફરિયાદપક્ષ તેના ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું ટુકડે ટુકડે નહિ પરંતું એકસાથે તુલનાત્મક વિશ્લેષણ કરતાં, આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આ

કામના આરોપીએ આ કામના ફરિયાદીના મોજે ચોકીબાર, તા. દાંતા ગામે સીમમાં આવેલ ખાતા નં. ૧૦૮ સર્વે નં. ૧૪૦ જુનો સર્વે નં. પર/૧ પૈકી–૧ ખેતીની હે.આરે. ૦–૪૧–૨૦ ચો.મી. વાળી ખેતીની જમીન પર પોતાના આર્થીક ફાયદા સારૂ બિન અધિકૃત પ્રવેશ કરી ગેરકાયદેસર રીતે દબાણ કરી બિન અધિકૃત રીતે છેલ્લા પાંચેક વર્ષથી કબજો કરી વાવેતર કરી આર્થીક લાભ મેળવી ફરિયાદીને આંર્થીક નુકસાનમાં ઉતારી ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ– ૪(૩), પ(સી) તથા ઇ.પી.કોડની કલમ– ૪૪૭ મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, આ કામના આરોપીને તેમની સામેના આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૨૪.** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી અને આરોપીની ખેતીની જમીન નજીક નજીક અડીને આવેલી છે અને તેમને શેઢા બાબતે તકરાર ચાલતી હતી અને આવેશમાં આવીને ફરિયાદીએ ઓન લાઇન અરજી કલેકટરને કરેલ હોવાનો પુરાવો આપેલ છે. આ કામે ફરિયાદીની અરજી આધારે સર્કલ ઓફીસરશ્રીએ પ્રાથમિક તપાસ કરી તકરારી જમીનનું પંચોની હાજરીમાં પંચનામું કરી તેમજ ફરિયાદી અને આરોપીના નિવેદન લઇ અહેવાલ તૈયાર કરી મામલતદારશ્રી, દાંતાને મોકલી આપેલ અને તે આધારે મામલતદારશ્રી, દાંતાએ અધિક કલેકટરશ્રી, દાંતાને સાધનીક કાગળો સાથેનો અહેવાલ મોકલી આપેલ અને અધિક કલેકટરશ્રી, દાંતાએ કલેકટરશ્રી, બનાસકાંઠા, પાલનપુરને અહેવાલ મોકલી આપેલ અને તે આધારે લેન્ડ ગ્રેબીંગની કમિટીની બેઠક મળેલી અને તેમાં સર્કલશ્રીના અહેવાલ અને સાધનીક કાગળો આધારે આરોપી વિરૂધ્ધ ફરિયાદીને ફરિયાદ નોંધાવવાનો નિર્દ્રેષ કરવામાં આવેલ છે. પરંતું સર્કલ ઓફીસરના પુરાવા મુજબ પંચનામાની હકીકતને પંચ સાહેદોને આ

કામે તપાસેલ ન હોય પંચોના પુરાવાથી સમર્થન મળતું નથી. તેમજ ખુદ ફરિયાદીના પુરાવાથી પણ ફરિયાદીએ સર્કલ ઓફીસર રૂબરુ કોઇ નિવેદન લખાવેલ નથી તેવું જણાવેલ છે. ત્યારે સર્કલ ઓફીસરનો અહેવાલને આ કામના ફરિયાદીના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. અને ફરિયાદીના પુરાવા મુજબ તકરારી જમીનનો કબજો ફરિયાદીને મળી ગયેલ છે અને હવે કોઇ બાબતે તકરાર રહેતી નથી તેમ જણાવેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવા ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ- ૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ- ૪૪૭માં નિષ્ફળ નિવડેલ હોય, આરોપીએ ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ- ૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ- ૪૪૭ મુજબના આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઇ, આ કામના આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, આ કામના આરોપી સામેનો કેસ મુદ્દા નં. ૧ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકાર'' માં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>હુ ક મ</u> ::-

૧. આ કામના આરોપી મેવાભાઇ હરિભાઇ ડાભી, રહે. ચોકીબોર, તા. દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને હડાદ પો.સ્ટે. પાર્ટ-એ ગુન્હા રજી. નં. ૧૧૧૯૫૦૦૫૨૩૦૨૫૪/ ૨૦૨૩, ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ ની કલમ- ૪(૩), ૫(સી) તથા ઇ.પી.કોડની કલમ- ૪૪૭ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા, પાલનપુર.

૨. **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧** ની જોગવાઈઓ મુજબ આરોપીએ રુ. ૧,૦૦,૦૦૦/– (અંકે રુપીયા એક લાખ પુરા) નો જાત–મુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા. **૧** લી માહે **જુલાઈ** સને **૨૦૨૬** ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૦૧/૦૭/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ જજ(લેન્ડ ગ્રેબિંગ એકટ) અને
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

/raval/

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.